બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પ્લેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

ALEVATE
MUGATLAL GROUP
MBS Aluminium Industries Pvt. Ltd.
Steel Trading Company
ALEVATEPRE-ENGINEERED BUILDING
• Turnkey Steel Building Solution
• Optimised Design
• Accurate manufacturing
• Speedy & Cost Saving Construction
• One Stop Solution for Roofing
Head Office : Krishna Pertrol pump, Udhna Main Road, Surat.
Factories : Sachin GIDC • Pipodara • Burhanpur (MP)
Mobile : 9512953830, 7575882332
E-mail: info@mbsaluminium.com Webside: www.alevate.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ સાતમ ગુરુવાર ૨૩ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૫૩

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# ટ્રમ્પે યુદ્ધવિરામ અનિશ્ચિતકાળ માટે લંબાવ્યો

## મોદીને ‘આતંકવાદી’ કહેવા બદલ ખડગેને ચૂંટણી પંચની નોટિસ

**૨૪ કલાકમાં ખુલાસો રજૂ કરવા આદેશ**

**નવી દિલ્હી, તા. 22 (PTI).** ચૂંટણી પંચે બુધવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ‘આતંકવાદી’ કહેવા મામલે ગંભીર નોંધ લીધી હતી અને તેમને સખત નોટિસ પાઠવી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, ખડગેને 24 કલાકની અંદર પોતાનું વલણ સ્પષ્ટ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ નોટિસ તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં મતદાનના એક દિવસ પહેલા આવી છે.

ખડગેએ મંગળવારે વડા પ્રધાન મોદી પર વિપક્ષને દબાવવા માટે સરકારી તંત્ર અને કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરીને રાજકીય પક્ષોને ‘આતંકિત’ કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના પગલે ભાજપ તરફથી તીખી પ્રતિક્રિયાઓ આવી હતી. ભાજપે મોદીને ‘આતંકવાદી’ કહેવા બદલ વિપક્ષી નેતા પર પ્રહારો કર્યા હતા.

ચેન્નાઈમાં એક પ્રેસ-કોન્ફરન્સને સંબોધતાં ખડગેએ શરૂઆતમાં એઆઈએડીએમકેના ભાજપ સાથેના ગઠબંધનની ટીકા કરતી વખતે વડા પ્રધાનને ‘આતંકવાદી’ તરીકે સંબોધ્યા હતા.

પેરીયાર અને સી.એન. અન્નાદુરાઈની દ્રવિડિયન વિચારધારામાં મૂળ ધરાવતો પક્ષ એઆઈએડીએમકે વડા પ્રધાન મોદી સાથેની ભાગીદારીને કેવી રીતે ન્યાયી ઠેરવી શકે તેવો પ્રશ્ન ઉઠાવતાં ખડગેએ કહ્યું હતું કે, ‘‘આ એઆઈએડીએમકેના લોકો, જેઓ પોતે અન્નાદુરાઈનો ફોટો લગાવે છે... તેઓ મોદી સાથે કેવી રીતે જોડાઈ શકે? તે એક આતંકવાદી છે...’’ ‘‘તેઓ સમાનતામાં માનતા નથી. તેમનો પક્ષ સમાનતા અને ન્યાયમાં માનશે નહીં...’’ જોકે, જ્યારે પત્રકારો દ્વારા આ ટિપ્પણીના સંદર્ભમાં સ્પષ્ટતા માંગવામાં આવી ત્યારે ખડગેએ કહ્યું કે, તેમનો અર્થ એ હતો કે વડા પ્રધાન દેશના લોકતાંત્રિક માળખાને ‘આતંકિત’ કરી રહ્યા છે.

---

**ઈરાન** સરકારમાં મતભેદ વચ્ચે ટ્રમ્પે હુમલો રોકવા સૈન્યને આદેશ આપ્યો, પરંતુ આર્થિક નાકાબંધી યથાવત રહેશે

**આગામી** 36થી 72 કલાકમાં ઈસ્લામાબાદમાં બીજા રાઉન્ડની બેઠક શક્ય

**મુનીર** અને શરીફની વિનંતીને પગલે યુદ્ધવિરામ લંબાવ્યો: ટ્રમ્પ

**ખાર્ગ** દ્વિપ પર ઓઈલ સ્ટોરેજ ક્ષમતા પૂર્ણ થવાના આરે, ઈરાને તેલનું ઉત્પાદન અટકાવવું પડશે

**વોશિંગ્ટન-ઈસ્લામાબાદ, તા. 22 (PTI):** અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં એક અત્યંત મહત્વના વળાંક સમાન સમાચાર સામે આવ્યા છે. પાકિસ્તાનની મધ્યસ્થતા અને વિનંતીને માન આપીને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેના યુદ્ધવિરામને અનિશ્ચિતકાળ માટે લંબાવવાની જાહેરાત કરી છે. જોકે ઈરાને યુદ્ધવિરામને લંબાવવા માટેની પુષ્ટી કરી નથી.

જોકે, એક તરફ શાંતિની વાતો થઈ રહી છે, ત્યારે બીજી તરફ ઈરાની દળોએ હોર્મુઝની સામુદ્રધુનીમાં ત્રણ જહાજો પર ગોળીબાર કરવાની અને તેમાંથી બે જહાજોને કબજે કરવાની ઘટનાએ તણાવમાં વધારો કર્યો છે.

પ્રમુખ ટ્રમ્પે મંગળવારે અડધી રાત્રે પૂરા થતા બે અઠવાડિયાના યુદ્ધવિરામને લંબાવતા જણાવ્યું હતું કે, ઈરાન સરકાર હાલ વિભાજિત છે. પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને વડા પ્રધાન શહબાઝ શરીફની વિનંતીને પગલે આ નિર્ણય લેવાયો છે જેથી ઈરાની નેતૃત્વ શાંતિ માટે એક સંયુક્ત પ્રસ્તાવ તૈયાર કરી શકે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર સંકેત આપ્યો હતો કે આગામી 36થી 72 કલાકમાં ઈસ્લામાબાદ ખાતે શુક્રવાર સુધી બીજા રાઉન્ડની મંત્રણા શક્ય છે.

પાકિસ્તાને આ જાહેરાતને આવકારી છે અને 10,000થી વધુ સુરક્ષાકર્મીઓ તૈનાત કરીને ઈસ્લામાબાદના રેડ ઝોનને અભેદ્ય કિલ્લામાં ફેરવી દીધું છે. વડા પ્રધાન

...અનુસંધાન પાના 9 પર

### દરિયાઈ નાકાબંધી અને ઈરાનનો વળતો પ્રહાર

શાંતિ મંત્રણાના સંકેતો વચ્ચે પણ જમીની હકીકત ગંભીર છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે ભલે તેઓ હુમલો નહીં કરે, પરંતુ ઈરાની બંદરોની આર્થિક નાકાબંધી ચાલુ રહેશે અને સૈન્યને તે માટે નિર્દેશ આપી દેવામાં આવ્યા છે. બીજી બાજુ, ઈરાનના વિદેશ મંત્રાલયે હજુ સુધી મંત્રણામાં જોડાવા અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી. ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ અમેરિકી નાકાબંધીને ‘યુદ્ધ સમાન કૃત્ય’ ગણાવ્યું છે. તણાવ વધતા ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજો પર કાર્યવાહી કરી છે, જેનો ટૂંકો ઉલ્લેખ અહીં કરવો જરૂરી છે કારણ કે આ હુમલાએ દરિયાઈ સુરક્ષા પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે. અમેરિકાએ પણ એશિયામાં ઈરાની ક્રૂડની દાણચોરી કરતા ઓઈલ ટેન્કર પર કબજો જમાવ્યો છે અને ઈરાન, તુર્કી તથા યુએઈમાં સ્થિત 14 વ્યક્તિઓ અને સંસ્થાઓ પર નવા પ્રતિબંધો લાદ્યા છે.

### આર્થિક અસરો અને પડકારો

અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે ચેતવણી આપી છે કે ઈરાન પરની નાકાબંધી સીધી રીતે શાસનની આવક પર પ્રહાર કરે છે. ઈરાનના ખાર્ગ આઈલેન્ડ સ્થિત સ્ટોરેજ સુવિધાઓ આગામી થોડા દિવસોમાં ફૂલ થઈ જશે, જેના કારણે તેલના કુવાઓ બંધ કરવાની ફરજ પડી શકે છે. હાલમાં હોર્મુઝના માર્ગે વિશ્વના 20 ટકા ગેસ અને ક્રૂડની અવરજવર થાય છે, જે બંધ થવાના ડરે તેલના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

---

## “હર-હર મહાદેવ”ના જયઘોષ સાથે બાબા કેદારના કપાટ ખૂલ્યા



**કેદારનાથ, તા. 22.** શિયાળામાં બરફની સફેદ ચાદરમાં છ મહિના સુધી શાંત પડેલી કેદાર ઘાટી ફરી એકવાર જીવંત થઈ ઊઠી છે. જ્યાં થોડા દિવસો પહેલા સુધી સન્નાટો છવાયેલો હતો, ત્યાં બુધવારે બાબા કેદારના ધામના કપાટ ખુલતાંની સાથે જ ચારેબાજુ “હર-હર મહાદેવ”ના જયઘોષ અને યાત્રીઓની ચહલ-પહલ ગૂંજી રહી છે. બુધવારે સવારે વૈદિક મંત્રોચ્ચાર અને વિધિ-વિધાન સાથે શ્રદ્ધાળુઓ માટે કપાટ ખોલી દેવામાં આવ્યા હતા. કપાટ ખુલવાના આ પાવન અવસર પર પ્રદેશના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પણ ઉપસ્થિત રહ્યા હતા. ધામના કપાટ ખુલવા દરમિયાન હેલિકોપ્ટર દ્વારા મંદિર પર ભવ્ય પુષ્પ વર્ષા કરવામાં આવી હતી. બદરીનાથ ધામના કપાટ 23 એપ્રિલે સવારે 6:15 વાગ્યે ખોલવામાં આવશે. ત્યાર બાદ ચારેય ધામોની યાત્રા શરૂ થઈ જશે. બાબાના દર્શન માટે 10 હજારથી વધુ શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામ પહોંચ્યા છે. યમુનોત્રી અને ગંગોત્રી ધામના કપાટ 19 એપ્રિલે અક્ષય તૃતીયાના રોજ ખોલવામાં આવ્યા છે.

---

## દિલ્હી ડાયરી

### દિલ્હીની નવી ઇલેક્ટ્રિક વ્હીકલ (ઈવી) પોલિસી ૨૦૨૬

દિલ્હી સરકારે તાજેતરમાં તેની ઇલેક્ટ્રિક વ્હીકલ (ઈવી) પોલિસી ૨૦૨૬નો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે, જેમાં વાહનોની કેટલીક શ્રેણીઓ માટે ખરીદી પ્રોત્સાહનો (ઈન્સેન્ટિવ)માં સુધારો કરવામાં આવ્યો છે, પરંતુ તમારું આગામી ઈવી ખરીદતી વખતે તમને કેટલો ફાયદો થશે? સરકારે ઇલેક્ટ્રિક ટુ-વ્હીલર સહિતના વાહનો માટે ‘ટેપરિંગ ઇન્સેન્ટિવ’ (ક્રમશઃ ઘટતું પ્રોત્સાહન) પ્રસ્તાવિત કર્યું છે, જેનો અર્થ છે કે જો તમે પોલિસી અમલમાં આવ્યાના પ્રથમ વર્ષમાં વાહન ખરીદશો તો તમને બીજા વર્ષની સરખામણીમાં વધુ સબસિડી મળશે. આ પોલિસી પ્રથમ વર્ષમાં બેટરી ક્ષમતા દીઠ ૧૦,૦૦૦થી ૩૦,૦૦૦ સુધી)ની સબસિડી ઓફર કરે છે. બીજા વર્ષમાં તે એક તૃતીયાંશ ઘટીને ૬,૬૦૦ પ્રતિ કેડબ્લ્યુએચ (મહત્તમ ૨૦,૦૦૦ સુધી) થઈ જશે અને ત્રીજા વર્ષમાં તે અડધી થઈને ૩,૩૦૦ પ્રતિ કેડબ્લ્યુએચ (મહત્તમ ૧૦,૦૦૦ સુધી) થઈ જશે. માત્ર ૨.૨૫ લાખ સુધીની એક્સ-ફેક્ટરી કિંમત ધરાવતા ઇલેક્ટ્રિક ટુ-વ્હીલર જ આ માટે પાત્ર છે. દાખલા તરીકે, ટીવીએસ આઈક્યુબ, જે ભારતમાં સૌથી વધુ વેચાતું ઇલેક્ટ્રિક ટુ-વ્હીલર છે, તેની દિલ્હીમાં કિંમત અંદાજે ૧.૧૫ લાખ છે. તેની પ્રમાણિત ક્ષમતા 2 કેડબ્લ્યુએચ છે, જેનો અર્થ

...અનુસંધાન પાના 9 પર

**તા. ૨૨-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૮° સે. | ૨૫.૧° સે. | ૩૨% |

---

# ઈરાને હોર્મુઝમાં ત્રણ જહાજો પર ગોળીબાર કરી કબજે કર્યા

**ટ્રમ્પે** યુદ્ધવિરામને અનિશ્ચિતકાળ માટે લંબાવવાની જાહેરાત કરી તેના થોડા સમય બાદ જ આ હુમલો કરાયો

**ઈરાની** બંદૂકધારી નૌકાઓએ કોઈ પણ ચેતવણી આપ્યા વિના પ્રથમ જહાજ પર હુમલો કર્યો

**દુબઈ, તા. 22 (AP):** હોર્મુઝની સામુદ્રધુનીમાં ઈરાને બુધવારે ત્રણ મોટા માલવાહક જહાજો પર આડેધડ ફાયરિંગ કરી તેમને પોતાના કબજામાં લઈ લેતા વૈશ્વિક સ્તરે મોટું સંકટ ઊભું થયું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેના બે અઠવાડિયાના નાજુક યુદ્ધવિરામને અનિશ્ચિતકાળ માટે લંબાવવાની જાહેરાત કરી તેના ગણતરીના કલાકોમાં જ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા આ આક્રમક ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. જોકે ટ્રમ્પે કહ્યું હતું કે તે ઈરાની બંદરોની નાકાબંધી કરવાનું ચાલુ રાખશે. આ હુમલાને કારણે વિશ્વના સૌથી મહત્વના દરિયાઈ વેપાર માર્ગ પર જોખમ તોળાઈ રહ્યું છે. આ વિસ્તારમાંથી વિશ્વનો 20 ટકા તેલ અને કુદરતી ગેસનો જથ્થો પસાર થાય છે, જે અત્યારે ઈરાનના સીધા અંકુશ હેઠળ આવી ગયો હોય તેવું લાગી રહ્યું છે. તેનો અર્થ એ છે કે ભલે યુદ્ધવિરામ મોટાભાગે જળવાઈ રહે અને ઈરાન કે અમેરિકા મોટા હુમલાઓ ફરી શરૂ ન કરે, તેમ છતાં આ યુદ્ધની નકારાત્મક અસર વૈશ્વિક અર્થતંત્ર પર સતત પડતી રહેશે. ટ્રમ્પ દ્વારા યુદ્ધવિરામ લંબાવવાની જાહેરાતનો ઈરાને કોઈ સત્તાવાર સ્વીકાર કર્યો નથી, પરંતુ ઈરાની રાજદ્વારીએ જણાવ્યું છે કે જ્યાં સુધી દરિયાઈ નાકાબંધી હટાવવામાં નહીં

...અનુસંધાન પાના 9 પર

### કબજે કરાયેલા 3 જહાજોની વિગત

1. **એમએસસી ફ્રાન્સેસ્કા :** પનામાનો ધ્વજ ધરાવતું આ કન્ટેનર શિપ ઈરાની ગાર્ડના કબજામાં છે અને તેને ઈરાનના બંદર તરફ લઈ જવામાં આવ્યું છે.
2. **એપામિનોન્ડાસ :** લાઈબેરિયાનું આ જહાજ જે મુંદ્રા (ગુજરાત) આવી રહ્યું હતું, તેના પર ઈરાને હથિયારોના જોરે કબજો જમાવ્યો છે.
3. **યુફોરિયા:** ગ્રીક માલિકીનું આ જહાજ હુમલાને કારણે હાલમાં ઈરાની દરિયાકાંઠા પાસે ફસાયેલી હાલતમાં પડ્યું છે. જો કે ગ્રીસે જહાજજહાજ કબજે થયાનો ઈનકાર કર્યો છે.

આ ત્રણેય જહાજો પર ઈરાને દરિયાઈ કાયદાના ઉલ્લંઘન અને સુરક્ષાના કારણોસર હુમલો કરી તેને પોતાના નિયંત્રણમાં લીધા હોવાનો દાવો કર્યો છે.

### 3 જહાજો પૈકી એક ગુજરાતના મુંદ્રા પોર્ટ આવી રહ્યું હતું

આ વૈશ્વિક ઘટનામાં ગુજરાત માટે સૌથી ચિંતાજનક સમાચાર એ છે કે ઈરાને જે ત્રણ જહાજો પર કબજો મેળવ્યો છે, તેમાંનું એક મહત્વનું જહાજ ગુજરાતના મુંદ્રા બંદર તરફ આવી રહ્યું હતું. મેરીટાઇમ ટ્રાફિક ડેટા અને શિપિંગ ટ્રેકિંગ સિસ્ટમ મુજબ, ‘એપામિનોન્ડાસ’ નામનું લાઈબેરિયાનું જહાજ દુબઈથી રવાના થઈને સીધું ગુજરાતના મુંદ્રા પોર્ટ પર માલ ખાલી કરવા માટે આવી રહ્યું હતું. ઈરાની નૌકાદળે આ જહાજ પર માત્ર ફાયરિંગ જ નથી કર્યું, પરંતુ તેના કમાન્ડ સેન્ટર (બ્રિજ) ને રોકેટ પ્રોપેલ્ડ ગ્રેનેડથી નુકસાન પણ પહોંચાડ્યું છે. ઈરાનનો દાવો છે કે આ જહાજે તેની નેવિગેશન સિસ્ટમ સાથે છેડછાડ કરી હતી અને ઈરાની જળસીમામાં ગેરકાયદેસર પ્રવેશની કોશિશ કરી હતી. આ જહાજ પરના ક્રૂ મેમ્બર્સ અત્યારે ઈરાનની કસ્ટડીમાં છે, જોકે શિપિંગ કંપની તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. ગુજરાતના મુંદ્રા અને કંડલા જેવા બંદરો માટે આ માર્ગ અત્યંત મહત્વનો છે, કારણ કે ખાડી દેશોમાંથી આવતો મોટાભાગનો માલ આ સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. જો મુંદ્રા આવતા જહાજોને આ રીતે અટકાવવામાં આવશે, તો ગુજરાતના ઉદ્યોગો અને સપ્લાય ચેઈન પર તેની માઠી અસર પડી શકે છે. પોર્ટ્સ અને શિપિંગ મંત્રાલયના એડિશનલ સેક્રેટરી મુકેશ મંગલે

...અનુસંધાન પાના 9 પર

### હવે ડિજિટલ યુદ્ધની ધમકી

ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) સાથે સંકળાયેલી ન્યૂઝ એજન્સી તસ્નીમે એક રિપોર્ટ જાહેર કર્યો છે, જેમાં પર્સિયન ગલ્ફના પેટાળમાં રહેલા ઇન્ટરનેટ કેબલ્સ અને ક્લાઉડ ડેટા સેન્ટર્સની નબળાઈઓ દર્શાવવામાં આવી છે. રિપોર્ટમાં સંકેત અપાયો છે કે જો તણાવ વધશે, તો આ ડિજિટલ માળખું ઈરાનનું નવું નિશાન બની શકે છે. રિપોર્ટ અનુસાર, UAE, કતાર, બહેરીન અને સાઉદી અરેબિયા જેવા દેશો ઈરાન કરતા દરિયાઈ ઇન્ટરનેટ માર્ગો પર વધુ નિર્ભર છે.

...અનુસંધાન પાના 9 પર

### હોર્મુઝ પસાર કરવા માટે ભારતે ઈરાનને રોકડ કે ક્રિપ્ટોમાં ચુકવણી કરી હોવાનો ઇનકાર કર્યો

**નવી દિલ્હી.** પ્રદેશમાં વધતા તણાવ વચ્ચે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પોતાના જહાજોના સુરક્ષિત માર્ગ માટે ભારતે ઈરાનને રોકડ અથવા ક્રિપ્ટોકરન્સીમાં કોઈ પણ પ્રકારની ચૂકવણી કરી હોવાનો બુધવારે ઇનકાર કર્યો હતો. આ સ્પષ્ટતા ત્યારે આવી છે જ્યારે ૧૮ એપ્રિલે આ મહત્ત્વપૂર્ણ જળમાર્ગ પસાર કરવાનો પ્રયાસ કરી રહેલા બે ભારતીય જહાજો પર ઈરાની દળોએ ગોળીબાર કર્યો હતો અને તેમને પાછા વળવું પડ્યું હતું. પાછા વળતા પહેલા ભારતીય ટેન્કર ‘સનમાર હેરાલ્ડ’ના કેપ્ટનનો એક ઓડિયો રેકોર્ડિંગ સામે આવ્યો છે, જેમાં તેઓ હોર્મુઝની સામુદ્રધુની પસાર કરવા માટે અગાઉની પરવાનગી હોવા છતાં ઈરાની દળોને ગોળીબાર રોકવા વિનંતી કરતાં સંભળાય છે. “આ મોટર વેસલ સનમાર હેરાલ્ડ છે. તમે મને જવાની પરવાનગી આપી હતી, તમારી યાદીમાં મારું નામ બીજા ક્રમે છે... તમે અત્યારે ગોળીબાર કરી રહ્યા છો. મને પાછા જવા દો.” જ્યારે નવી દિલ્હીએ સતત તે દાવાઓને નકારી કાઢ્યા છે કે તેહરાન સાથે શિપ મૂવમેન્ટ માટે કોઈ નાણાકીય વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે, કેટલાક અહેવાલોએ ૧૮ એપ્રિલની ઘટનાને ક્રિપ્ટો કૌભાંડ

...અનુસંધાન પાના 9 પર

---

**ખાનગી હોસ્પિટલોમાં સારવાર સસ્તી થશે?**

## ખાનગી હોસ્પિટલોની ‘લૂંટ’ પર લગામની તૈયારી

**હોસ્પિટલો** તબીબી ઉપકરણોની મૂળ કિંમત કરતાં 10થી 30 ગણી વધુ રકમ વસૂલે છે જેના પર મર્યાદા લગાવવામાં આવશે

**3ની** સિરીંજ 30માં અને 25 હજારનું પેસમેકર 2 લાખમાં! હોસ્પિટલોના જંગી નફાખોરી વિરુદ્ધ કેન્દ્ર સરકાર સક્રિય

**નવી દિલ્હી, તા. 22:** ખાનગી હોસ્પિટલો દ્વારા વસૂલવામાં આવતા વધુ પડતા ચાર્જ અને સારવારના વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર હવે સક્રીય થઈ છે. અહેવાલો અનુસાર, આરોગ્ય મંત્રાલય દર્દીઓ પરનો આર્થિક બોજ ઘટાડવા માટે વિવિધ મેડિકલ સાધનો પર હોસ્પિટલો દ્વારા લેવામાં આવતા નફા પર મર્યાદા મૂકવાની દરખાસ્તની સમીક્ષા કરી રહ્યું છે. તપાસમાં સામે આવ્યું છે કે કેટલીક હોસ્પિટલો તબીબી ઉપકરણોની મૂળ કિંમત કરતાં 10થી 30 ગણી વધુ રકમ વસૂલે છે. દાખલા તરીકેઃ રૂ. 3ની સિરીંજ માટે રૂ. 30 અને રૂ. 6ના આઈવી કેન્યુલા માટે રૂ. 120 વસૂલવામાં આવે છે. મોંઘા સાધનોમાં પણ આ જ સ્થિતિ

...અનુસંધાન પાના 9 પર

---

**મહિલાઓના અધિકારની રેલીમાં જ મહિલા પરેશાન!**

## મુંબઈમાં ભાજપની રેલીથી કંટાળેલી મહિલા મંત્રી પર વરસી પડી

**‘અહીંથી** નીકળી જાવ, ટ્રાફિક જામ કેમ કરો છો’: મહિલાએ મંત્રીને ખખડાવ્યા

**સોશિયલ** મીડિયા પર વીડિયો વાયરલ: વિપક્ષે મહિલાને ‘સાચી નારી શક્તિ’ ગણાવી, પોલીસે રેલીના આયોજકો સામે ગુનો નોંધ્યો



**મુંબઈ, તા. 22 (PTI):** મુંબઈના વરલી વિસ્તારમાં મંગળવારે ભાજપ દ્વારા આયોજિત ‘મહિલા જનઆક્રોશ મોરચા’ દરમિયાન ભારે ટ્રાફિક જામ સર્જાતા એક મહિલાનો પિત્તો ગયો હતો. પોતાના બાળકને લેવા જઈ રહેલી આ મહિલા કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલી રહી હતી. આખરે ગુસ્સે ભરાયેલી મહિલાએ ગાડીમાંથી ઉતરીને સીધા જ મહારાષ્ટ્રના મંત્રી ગિરીશ મહાજન અને પોલીસ અધિકારીઓનો ઉધડો લીધો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા રાજકારણ ગરમાયું છે.

મહિલાએ મંત્રીને જાહેરમાં ખરખરું સંભળાવતા કહ્યું, ‘અહીંથી જાવ, તમે ટ્રાફિક જામ કરી રહ્યા છો.

...અનુસંધાન પાના 9 પર